શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે.પી.સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૨૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૭૮
હોસ્પિટલના કાર્યરત વિભાગો અને રાહતદરે સુવિધાઓ
- જનરલ મેડીસીન (ફીઝીશીયન)
- જનરલ સર્જરી - લેપ્રોસ્કોપી (દૂરબીન દ્વારા) સર્જરી
- હૃદયરોગની સારવાર (એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી)
- કેન્સરને લગતા ઓપરેશન તથા કીમોથેરાપી સારવાર
- મ્હોં-જડબાના રોગના ઓપરેશન - સારવાર
- ઓર્થોપિડિક અને ઘૂંટણ - થાપાના ઓપરેશન - સારવાર
- બર્ન્સ (દાઝેલા)ની સારવાર અને ટ્રોમા (અકસ્માત) સારવાર
- પેથોલોજીકલ લેબોરેટરી - એક્ષ-રે - સોનોગ્રાફી - ઈકો કાર્ડિયોલોજી
- કીડની ડાયાલીસીસ - ડેન્ટલ (દાંત) - ફીઝીયોથેરાપી (કસરત) સારવાર
- યુરોલોજી - મૂત્રાશયને લગતા ઓપરેશન - સારવાર
- ખૂબ જ નજીવા દરે હેલ્થ ચેક-અપ પેકેજ ઉપલબ્ધ
- વીમા કંપનીઓની કેશલેશ સુવિધા તથા સરકારશ્રીની PMJAY - મા યોજના ઉપલબ્ધ
- ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



WiselyInvest
A place for all your Financial Needs!
Think Rightly, Invest Wisely
Planning To STUDY ABROAD
Think of SIP
SEPUNJ KAPADIA
+91 -9374726576



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ પોષ સુદ અગિયારસ, રવિવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૫૭ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


### આવતીકાલે યોજાનાર *રામ લલ્લા મંદિરના* ઉદ્દઘાટન માટેની તડામાર તૈયારીઓ છેલ્લા તબક્કામાં

# ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સાથે અયોધ્યા કિલ્લામાં ફેરવાયું

**બાવીસમી** તારીખે પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં અનેક વીઆઇપીઓને આમંત્રણ હોવાથી અયોધ્યામાં સ્થાનિક પોલીસ ઉપરાંત પીએસી અને સીઆરપીએફનું ત્રિસ્તરીય સુરક્ષા કવચ ગોઠવાયું

**૫૪ દેશોના** ૧૦૦ જેટલા પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં હાજર રહે તેવી અપેક્ષા



**અયોધ્યા: તા. 20 :** અયોધ્યામાં રામ લલ્લાના મંદિરના ઉદઘાટનના ભવ્ય કાર્યક્રમને માત્ર બે દિવસ બાકી છે ત્યારે શહેર ત્રણ સ્તરીય સુરક્ષા સાથે કિલ્લામાં ફેરવાઈ ગયું છે. શહેરને અગાઉ ક્યારેય આવી રીતે નહોતું સજાવવામાં આવ્યું તે રીતે શણગારાયું છે ત્યારે સુરક્ષા દળોએ પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. શહેરમાં સંતો ભેગા થવા લાગ્યા છે ત્યારે તેલંગાણામાં તૈયાર કરાયેલ 1265 કિલો વજનનો લાડુ હવે અયોધ્યા પહોંચી ગયો છે. સાથે જ, વિશ્વનું સૌથી મોટું તાળું અને ચાવી લગભગ 400 કિલો વજનનું અયોધ્યા પહોંચી ગયું છે. 22 જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ માટે ચંદીગઢ પણ 150 ક્વિન્ટલ લાડુ તૈયાર કરી રહ્યું છે. ઘણા ભક્તો અયોધ્યા તરફ ધસારો કરી રહ્યા છે અને મંદિરની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે મોટી સંખ્યામાં વીઆઈપીઓ અયોધ્યામાં આવે તેવી આશા હોવાથી આ મંદિર નગરીમાં સ્થાનિક પોલીસ ઉપરાંત અર્ધલશ્કરી દળોના કમાન્ડોઝ સહિત ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે અને શહેરના રસ્તાઓ પર અર્ધલશ્કરી દળો અને બખ્તરિયા વાહનો ફરતા જોવામાં આવી રહ્યા છે. 54 દેશોના કુલ 100 પ્રતિનિધિઓએ 22 જાન્યુઆરીના રોજ રામ જન્મભૂમિ મંદિરમાં રામ લલ્લાના અભિષેક સમારોહમાં તેમની હાજરીની સત્તાવાર પુષ્ટિ કરી છે. રામ મંદિર ટ્રસ્ટે યુએસએ, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, મોરેશિયસ અને આફ્રિકા અન્ય દેશોના સરકારી પ્રતિનિધિઓને આમંત્રણ આપ્યું છે. વધુમાં, અતિથિઓની સૂચિમાં 506 રાજ્ય મહેમાનો શામેલ છે.

મંદિરો અને મહત્ત્વપૂર્ણ પ્રતિષ્ઠાનોની સુરક્ષા માટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા સ્થાપિત સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સ (એસએસએફ), સીઆરપીએફ, પ્રાંતીય આર્મ્ડ કોન્સ્ટેબલરી (પીએસી) અને યુપી સિવિલ પોલીસની સાથે ત્રણ-સ્તરીય સુરક્ષા પરિમિતિ સોમવારે

...અનુસંધાન પાના 7 પર

## થેપલા, મટર કચોરી: અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા માટેનો આ પ્રસાદ રહેશે

**૧૨૬૫ કિલો લાડુ અયોધ્યાના કારસેવકપુરમ પહોંચી ગયા છે**

**નવી દિલ્હી:** 22 જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિર માટે પ્રાણ પ્રતિષ્ઠા (અભિષેક સમારોહ) દરમિયાન વિશેષ થેપલા, બદામની મીઠાઈઓ, મટર કચોરી (વટાણાની રોટલી) અને અન્ય વિશેષ ખોરાક પ્રસાદ તરીકે પીરસવામાં આવશે. તેના માટે પ્રસાદ તરીકે અર્પણ કરવામાં આવનારા 1265 કિલો લાડુ શનિવારે તેલંગાણાથી અયોધ્યાના કારસેવકપુરમ પહોંચ્યા હતા. આ લાડુ તૈયાર કરનાર શ્રી રામ કેટરિંગ સર્વિસિસના એન નાગભૂષણમ રેડ્ડીએ કહ્યું હતું કે, "ભગવાને મારા વ્યવસાય અને મારા પરિવારને આશીર્વાદ આપ્યા છે. હું જીવતો રહું ત્યાં સુધી દરરોજ માટે 1 કિલો લાડુ તૈયાર કરવાનો સંકલ્પ કર્યો હતો." રેડ્ડીએ ઉમેર્યું હતું કે, "હું ફૂડ સર્ટિફિકેટ પણ લાવ્યો છું. આ લાડુ એક મહિના સુધી ટકી શકે છે. પચીસ માણસોએ 3 દિવસ સુધી લાડુ તૈયાર કર્યા હતા." દરમિયાન, 22 જાન્યુઆરીના રોજ અયોધ્યા મંદિરમાં અભિષેક સમારોહની અપેક્ષા મુજબ નવી રામ લલ્લા મૂર્તિની પ્રથમ છબી શુક્રવારે જાહેર કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બહાર પાડવામાં આવેલી તસવીર અનુસાર, કાળા પથ્થરમાં કોતરેલી અને કર્ણાટકમાંથી પ્રાપ્ત થયેલી આ પ્રતિમાની આંખો પીળા કપડાના ટુકડાથી ઢંકાયેલી છે અને ગુલાબના હારથી શણગારવામાં આવી છે.

## રામ મંદિરને સેંકડો ફૂલો, વિશેષ રોશનીથી શણગારવામાં આવ્યું





**લાંબા** સમય સુધી ટકી શકે તેવા કુદરતી ફૂલો વડે મંદિરને શણગારાયું છે, આ ફૂલો પ્રાણ પ્રતિષ્ઠા સુધી તાજા રહેશે

**રંગબેરંગી** લાઇટો દિયા થીમ પર આધારિત છે

**અયોધ્યા: તા. 20 (PTI).** અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના વિશાળ આયોજન માટે સમગ્ર મંદિરને વિશાળ જથ્થામાં ફૂલો અને વિશેષ લાઇટ્સથી શણગારવામાં આવ્યું છે. સમગ્ર મંદિર નગર ધાર્મિક ઉત્સાહમાં છે અથવા સ્થાનિક લોકો કહે છે તેમ, અયોધ્યા રામમય બની ગયું છે. મંદિર ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે, શણગાર માટે ફૂલોના સમૃદ્ધ સ્ટોકનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને મોટા દિવસ માટે મંદિરને શણગારવા માટે ખાસ ફૂલોની ડિઝાઇન બનાવવામાં

...અનુસંધાન પાના 7 પર

## રામ મંદિર કાર્યક્રમ પર ખોટી સામગ્રી પ્રકાશિત કરવાથી દૂર રહો: સરકારે મીડિયા, સોશિયલ મીડિયાને કહ્યું

**માહિતી** અને પ્રસારણ મંત્રાલય દ્વારા ખાસ માર્ગદર્શિકા જારી કરાઇ

**ખોટી** અને ઉશ્કેરણીજનક સામગ્રીનું પ્રસારણ અટકાવવા જણાવવામાં આવ્યું

**નવી દિલ્હી: તા. 20 (PTI).** સરકારે શનિવારે મીડિયા આઉટલેટ્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને એક એડવાઈઝરી જારી કરીને અયોધ્યામાં 22 જાન્યુઆરીના રામ મંદિર કાર્યક્રમ સાથે સંબંધિત કોઈપણ ખોટી અથવા છેડછાડવાળી સામગ્રી પ્રકાશિત કરવા સામે ચેતવણી આપી હતી. સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, એવું જોવામાં આવ્યું છે કે અમુક અપ્રમાણિત, ઉશ્કેરણીજનક અને નકલી સંદેશાઓ ફેલાવવામાં આવી રહ્યા છે, ખાસ કરીને સોશિયલ મીડિયા પર, જે સાંપ્રદાયિક સૌહાર્દ અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે. અયોધ્યામાં રામ લલ્લાની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પહેલાં ઘણા લોકોને વીઆઈપી આમંત્રણો, દાન અભિયાન અને મેગા ઈવેન્ટના

...અનુસંધાન પાના 7 પર

## મ્યાનમાર સરહદ પર વાડ બનાવાશે: ભારતમાં અવરજવર પર નિયંત્રણો આવશે

**નિયંત્રણ** મુક્ત ખુલ્લી સરહદ અને આવનજાવનની છૂટનો દુરૂપયોગ ઉગ્રવાદીઓ કરતા હોવાથી અને ઘૂસણખોરી પણ વધી હોવાથી લેવાયેલો નિર્ણય

**અમિત** શાહે આસામમાં કરેલી જાહેરાત

**નવી દિલ્હી: તા. 20.** કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું કે, કેન્દ્ર ટૂંક સમયમાં ભારત-મ્યાનમાર સરહદ પર વાડ લગાવશે, જેવી રીતે દેશમાં મુક્ત અવરજવરને પ્રતિબંધિત કરવા માટે આપણે બાંગ્લાદેશ સાથેની સરહદ પર વાડ લગાવી છે. આ જાહેરાત સાથે ફ્રી મૂવમેન્ટ રેજીમ (એફએમઆર), જે ભારત-મ્યાનમાર સરહદની નજીક રહેતા લોકોને વિઝા વિના એકબીજાના પ્રદેશમાં 16 કિમી સુધી જવાની મંજૂરી આપે છે, તે ટૂંક સમયમાં સમાપ્ત થઈ થશે. ગુવાહાટીમાં આસામ પોલીસ કમાન્ડોની પાસિંગ આઉટ પરેડમાં બોલતાં અમિત શાહે કહ્યું, ''મ્યાંમાર સાથેની ભારતની સરહદ ટૂંક સમયમાં બાંગ્લાદેશ સાથેની સરહદની જેમ સુરક્ષિત કરવામાં આવશે.'' શાહે કહ્યું, ''હું આસામમાં મારા મિત્રોને કહેવા માંગું છું કે, નરેન્દ્ર મોદી સરકારે મ્યાનમાર




...અનુસંધાન પાના 7 પર

## મણિપુર: સમગ્ર ઇમ્ફાલ ખીણમાં હડતાળથી સામાન્ય જનજીવન ખોરવાયું

**એક ૨૩** વર્ષીય ગ્રામીણ સ્વયંસેવકની કરાયેલી હત્યાના વિરોધમાં જોઇન્ટ એકશન કમિટિ દ્વારા ૪૮ કલાકની હડતાળનું એલાન ઇમ્ફાલ ખીણમાં અપાયું હતું

**ઈમ્ફાલ: તા. 20 (PTI).** મણિપુરની ઈમ્ફાલ ખીણમાં શનિવારે 23 વર્ષીય ગ્રામીણ સ્વયંસેવકની તાજેતરની હત્યાના સંબંધમાં રચાયેલી સમિતિ દ્વારા પાડવામાં આવેલી 48 કલાકની હડતાળને કારણે સામાન્ય જીવન ખોરવાઈ ગયું હતું.

નાગરિક સમાજ સંગઠનોના નેતાઓની બનેલી જોઈન્ટ એક્શન કમિટી (જેએસી) દ્વારા આહ્વાન કરાયેલી હડતાળ સવારે 5 વાગ્યે શરૂ થઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, 17 જાન્યુઆરીએ મણિપુરના કાંગપોકપી જિલ્લામાં બે લડતા સમુદાયો વચ્ચેની ગોળીબારમાં ગામના સ્વયંસેવકનું મૃત્યુ થયું હતું.

ઈમ્ફાલ ખીણમાં બજારો અને અન્ય વ્યવસાયિક સંસ્થાઓ બંધ રહી હતી જ્યારે જાહેર પરિવહન સેવાઓ

...અનુસંધાન પાના 7 પર

**પન્નુ હત્યા કાવતરા કેસના એક આરોપી**

## નિખિલ ગુપ્તાનું અમેરિકાને પ્રત્યાર્પણ કરવા ચેક રિપબ્લિકન કોર્ટનો આદેશ

**નિખિલ** ગુપ્તા હાલ ચેકોસ્લોવેકિયાની જેલમાં છે, તેની સોંપણી અમેરિકાને થાય તો ભારતની મુશ્કેલી વધી શકે

**પ્રાગ: તા. 20 (PTI).** સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ચેક હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે, અમેરિકન ભૂમિ પર ખાલિસ્તાની ઉગ્રવાદી પર કથિત હત્યાના પ્રયાસના આરોપમાં અહીંની જેલમાં અટકાયતમાં રહેલા ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાનું યુએસમાં પ્રત્યાર્પણ કરી શકાય છે.

52 વર્ષીય ગુપ્તા પર યુએસ ફેડરલ પ્રોસિક્યુટર્સ દ્વારા ગયા વર્ષે નવેમ્બરમાં ભારતીય સરકારના કર્મચારી સાથે મળીને અમેરિકાની ધરતી પર બેવડી યુએસ અને કેનેડાની



...અનુસંધાન પાના 7 પર

તા.૨૦-૦૧-૨૦૨૪નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૨° સે. | ૧૬.૨° સે. | ૩૮% |

## ઈઝરાયેલના બંધકોના પરિવારોએ નેતાન્યાહુના ઘરની સામે દેખાવો કર્યા

**હમાસ** સાથે સંધિ કરવા માટે ઇઝરાયેલના વડાપ્રધાન પર વધતું દબાણ

**એક** મંત્રીએ પણ યુદ્ધ વિરામની તરફેણ કરી

**જેરુસલેમ: તા. 20 (AP):** ગાઝામાં હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોના પરિવારજનોએ શનિવારે ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ગાઝામાં યુદ્ધ ચાલુ હોવાથી 100થી વધુ બંધકોને મુક્ત કરવામાં તેમની સરકારની દેખીતી પ્રગતિના અભાવ અંગે નિરાશા વ્યક્ત કરી હતી.

બંધકોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા જૂથે જણાવ્યું હતું કે, તેઓએ 105 દિવસ માટે ભીખ માંગી હતી અને હવે સરકાર પાસે નેતૃત્વ બતાવવા અને બંધકોને મુક્ત કરવા

...અનુસંધાન પાના 7 પર

## અમેરિકાના હ્યુસ્ટનમાં ભારતીયોએ રામ મંદિર ઉદ્ઘાટન પહેલાં ટેસ્લા કાર લાઈટ શોનું આયોજન કર્યું

**અનેક** ટેસ્લા કારોને વિશિષ્ટ રીતે ગોઠવીને તેમની હેડ લાઇટો 'રામ' વંચાય તે રીતે સળગાવવામાં આવી



**હ્યુસ્ટન: તા. 20 (PTI).** અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય ઉદ્ઘાટનને હવે માંડ ગણતરીના કલાકો બાકી છે ત્યારે અહીંના ઉત્સાહી ભક્તોએ ભગવાન રામને સમર્પિત એક અદ્ભુત અને નવીન ટેસ્લા કાર લાઈટ શોનું આયોજન કર્યું હતું. આમાં અનેક ટેસ્લા કારોને વ્યુહાત્મક રીતે ગોઠવીને તેમની હેડ લાઈટો રામ વંચાય તે રીતે સળગાવવામાં આવી હતી.

...અનુસંધાન પાના 7 પર